ગાંધીનગર સમાચાર

# ભાભરના ચાર ઈસમો છ માસ માટે તડીપાર

પાટણ, તા.૫ બનાસકાંઠા જિલ્લામાં વારંવાર ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ૪ ઈસમોને સુઈગામ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટે છ જિલ્લામાંથી છ માસ માટે તડીપાર કરવાનો હુકમ કર્યો હતો. જેથી ભાભર પોલીસે ચારેય ઈસમોને પકડી પાંચ જિલ્લા બહાર મોકલી આપવા તજવીજ હાથ ધરી છે.



બનાસકાંઠા જિલ્લામાં દારૂના ધંધા કરતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો પર અંકુશ રાખવા જિલ્લા પોલીસ વડા નીરજ બડગુર્જરે પોલીસને સૂચના આપી હતી. આથી ભાભર પોલીસે જાહેર હિતમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ભાભર પોલીસની હદમાં આવતા કુલ ૧૧ ઈસમો વિરૂધ્ધમાં તડીપારની દરખાસ્તો કરી આવા ઈસમોને તડીપાર કરવા સુઈગામ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ મોકલી આપી હતી. જેથી જીતુબા દિલિપસિંહ ઝાલા, મેઘરાજ પ્રવિણસિંહ ઝાલા, ભગુભા નાથુભા વાઘેલા અને મોજુભા બાબુભા રાઠોડને બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને કચ્છ જિલ્લામાંથી છ માસ માટે તડીપાર કરવા મેજીસ્ટ્રેટે હુકમ કર્યો હતો. મેજીસ્ટ્રેટના આદેશ મુજબ ભાભર પોલીસે ચારેય ઈસમોને પકડી પાડી પાંચ જિલ્લા બહાર મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી. જેના લીધે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.



# પ્રાંતિજ અંબુજા ફેક્ટરીના ગોડાઉનમાં આગ : કરોડોનું રૂ સ્વાહા

પ્રાંતિજ તાલુકાના દલપુર વૃંદાવન પાસે આવેલ અંબુજા ફેક્ટરીમાં કોટન વિભાગમાં કોઈ કારણોસર આગ લાગતા આગમાં કરોડોનું નુકસાન થવા પામ્યું હતું. પ્રાંતિ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના વૃંદાવન પાસે આવેલ અંબુજા ફેક્ટરીમાં આવેલ ગોડાઉનમાં સવારના ૧૦.૩૦ કલાકે અગમ્ય કારણોસર આગ લાગતા ભાગદોડ મચી જવા પામી હતી અને જોત જોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ગોડાઉનમાં રહેલ કપાસની ગાંસડીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. જ્યારે પ્રાંતિજ-હિંમતનગર ફાયર ફાયટર પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગુપર કાબુ મેળવ્યો હતો. પણ આગ એટલી ભયાનક હતી કે જોત જોતામાં ગોડાઉનમાં રહેલ કરોડોનો માલ આગમાં સ્વાહા થઈ ગયો હતો. જો કે આગના કારણે કોઈ જાનહાની ના થતા જિલ્લાતંત્ર સહિત સ્થાનિક તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો. જ્યારે અગાઉ પણ તા. ૨૮-૨-૨૦૧૬ને રવિવારના રોજ આગ લાગી હતી એટલે શું આ કંપનીમાં આગ રવિવારે જ લાગે છે તે પણ હાલ તો ચર્ચાનો વિષય બન્યો છે અને અવાર-નવાર કંપનીમાં આગ લાગે છે તો શું ફાયર સેફ્ટી સહિતની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે કંપની દ્વારા ફાયર ફિકવંશી જુના જુના સાધો પીટર વર્કઆઉટ ઓછા કરે છે અને હાજર સિસ્ટમ કામગીરી કરતી ના હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે આગ કઈ રીતે અને કયાં કારણોસર લાગી એ તો તપાસ બાદ જાણવા મળશે.

# મોડાસામાં ઓર્ગેનીક ખેતી અને દેશી ગાયની જાળવણી અંગે સેમીનાર યોજાયો

અરવલ્લી જિલ્લા કિસાન સંઘ દ્વારા અરવલ્લી જિલ્લાના પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલી મહિલાઓને ગાય કાંકરેજી અને ગીર ગાય દ્વારા વધુ દૂધ મેળવવાની




મોડાસા શહેરમાં રવિવારના રોજ ખેડૂતો માટે જિલ્લા પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રફુલભાઈએ મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો અને સજીવન ખેતી અંગે ભારપૂર્વક સમજાવી સજીવન ખેતીમાં ઉત્પાદન વધુ મળવાની સાથે માનવીઓ માટે ઓર્ગેનીક અનાજ અને શાકભાજી લાભકારી તેમજ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ખૂબ જ ઉપયોગી નિવડે છે. તેમજ દેશી ટેકનીક સાથે સાથે દેશી ગાયના ગૌ મૂત્ર, દાણ પણ ખૂબજ લાભકારી હોવાનું ભારપુર્વક જણાવ્યું હતું. આ શિબિરમાં અરવલ્લી જિલ્લા કિશાન સંઘના હોદ્દેદારો, ગૌરક્ષકો, સાધુ સંત તેમજ મોટી સંખ્યામાં જિલ્લાના ભૂમિપુત્રો હાજર રહ્યા હતા.



## ભિલોડામાં કેમીકલથી પકવાતી ૨૪ કેરીના કેરેટોનો નાશ કરાયો

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં કેમીકલ અને કાર્બાઈડથી પકવેલી કેરીઓની ધુમ વેચાણ કરતા અમુક બે નંબરીયા વેપારીઓ પ્રજાજનોના આરોગ્ય સાથે ચેંડા કરી રહ્યા છે. ભિલોડામાં હાથલારી, દુકાનોમાં કેરીઓનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. ભિલોડા મામલતદાર જી. કે. પટેલ અને પુરવઠા વિભાગ નાયબ મામલતદાર એન. એમ. ચૌધરીએ કેરીઓના ગોડાઉન ઉપર તપાસ હાથ ધરતાં કેમીકલથી પકવાતી કેરીઓના ૨૪થી વધુ કેરેટ મળી આવતા ગોડાઉન માલીકીની પુછપરછ કરતાં કેમીકલથી પકવતા ૨૪થી વધુ કેરેટ ઝડપાયા હતા. ભિલોડા સરપંચ મનોજભાઈ પટેલ, ડે.સરપંચ અનિલભાઈ રાવલ, કમલેશભાઈ મહેતાને મામલતદારએ કેમીકલથી પકવેલી કેરીઓનો નાશ કરવા જણાવ્યું હતું. કેમીકલથી કેરી પકવતા વેપારી ભરતભાઈ સીંધી, વીરૂભાઈ સીંધી પુછપરછ કરતાં ૨૪થી વધુ કેરીઓના કેરેટ તાત્કાલીક ભિલોડા ગ્રામ પંચાયત સરપંચએ કેરીઓનો નાશ હાથમતી નદીના કિનારે ખાડો ખોદી ૨૪થી વધુ કેરીઓના કેરેટોનો નાશ કરાયો હતો.અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર અમુક બે નંબરીયા નાના-મોટા વેપારીઓ કાર્બાઈડ અને કેમીકલથી પકવેલી કેરીઓની ધુમ વેચાણ કરી રહ્યા છે. વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયીક તપાસ કરવામાં આવે તો કેરીઓનો મોટાપાયે જથ્થો ઝડપાઈ શકે તેમ છે તેમ લોકમુખે ચર્ચાય છે.

## હિંમતનગરમાં કરિયાવર બાબતે ત્રાસ આપતા ત્રણ સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૫ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના સિમનાન સ્ટ્રીટમાં રહેતી ફરનાઝબાનુ ગુલામમોયુનુદીન પાંચભૈયાને તેમના પતિ ગુલામમોયુનુદીન તથા મોહમંદજાફર ગુલામરસુલ પાંચભૈયા અને જેનબકુબ્રા પાંચભૈયા દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી તું ગમતી નથી તેથી તું છુટાછેડા આપી દે તેમ કહી પિયરમાં કરિયાવરમાં કંઈ લાવી નથી તેવા મ્હેણાં મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરનાઝબાનુએ શનિવારે પતિ સહિત ત્રણ જણા વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## સાબલવાડના રહીશ સાથે છેતરપિંડી કરતા બે વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના સાબલવાડ ગામે રહેતા એક શખ્સ સાથે વાસડોલ અને નાના કોટડા ગામના બે રહીશોએ ગત તા.૨૨ ફેબ્રુઆરીના રોજ કારના વેચાણ બાબતે સોદો કરી નક્કી કરાયેલી રકમ પેટે રૂા.૩.૯૦ લાખ ન આપતા બે જણા વિરૂદ્ધ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

સાબલવાડ ગામના મહેશકુમાર ગિરધરભાઈ પટેલ પાસેથી વાસડોલના અકબરભાઈ રજાકભાઈ મનસુરી અને પારસભાઈ જયંતિભાઈ પટેલે ગત તા.૨૨ ફેબ્રુઆરીના રોજ કાર નં.જીજે.૦૧.એચએસ.૩૮૪૦ વેચાણ પેટે આપી રૂા. ૭૦ હજાર બાના પેટે લીધા હતા. જયારે બાકીના રૂા.૩.૨૦ લાખ ચૂકવી ન આપતા મહેશકુમાર પટેલે બંને જણા વિરૂધ્ધ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## કાંકરેજના પ્રખર કોંગ્રેસી અમરતભાઈ દેસાઈ ભાજપમાં જોડાયા

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના પ્રખર કોંગ્રેસી અને સહકારી આગેવાન અમરતભાઈ દેસાઈ ભાજપમાં જોડાઈ જતા જિલ્લા કોંગ્રેસમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો. કોંગ્રેસનો છેડો ફાડી ભાજપમાં આવેલા અમરતભાઈને કેસરીયો ખેસ પહેરાવી જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયાએ આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય મગનસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ સુખદેવસિંહ સોઢા, મફાજી સોલંકી, કિસોર પ્રજાપતિ, પૃથ્વીરાજસિંહ વાઘેલા, ડાહ્યાભાઈ પિંલીયાતર, કિશોર પ્રજાપતિ, ઈસુભા અને ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# લાંબડીયામાં સામાન્ય બાબતે સામસામી મારામારી

હિંમતનગર, તા. ૫ સાબરકાંઠા જીલ્લાના લાંબડીયામાં કારખાનામાં કામ કરવા બાબતેની સામાન્ય બાબતમાં બોલાચાલી ઉગ્ર થતાં સામસામી મારામારી અંગેની ફરિયાદ શનિવારે સાંજે ખેરોજ પોલીસ મથકે નોંધાવા પામી છે.

લાંબડીયા જગદીશભાઈ બાબુલાલ પંચાલના કારખાનામાં કામ કરતા જીતેન્દ્રકુમાર પંચાલ સાથે હિસાબ બાબતે બોલાચાલી થતાં હિસાબ પુરો કરી બીજા કારખાનામાં નોકરી કરવાનું જણાવતા સામેના કારખાનાવાળા કાન્તિલાલ શંકરભાઈ પંચાલ, ભાવેશકુમાર કાન્તિલાલ પંચાલ, સરોજબેન કાન્તિલાલ પંચાલ તેમજ મંગુબેન શંકરભાઈ પંચાલ દ્વારા જગદીશભાઈ પર હુમલો કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવા અંગેની ધમકી આપ્યા હોવાની ફરિયાદ જગદીશભાઈ પંચાલે ખેરોજ પોલીસ મથકે કરતા ખેરોજ પોલીસે ચારેય આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈડરમાં ચોરીનો માલ વેચવા આવેલા બે શખ્સો પકડાયા

હિંમતનગર, તા. ૫ સાબરકાંઠા જીલ્લાના ઈડરના બારેલા તળાવ વિસ્તારમાં આવેલ એક મકાનમાંથી ગત તા.૫ મે ના રોજ અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી રૂા.૬૬ હજારના સોના-ચાંદીના દાગીના, રોકડ તથા મોબાઈલની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરિયાદ ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ જિલ્લા એલસીબીએ બાતમીને આધારે ઈડરના એપોલો ત્રણ રસ્તા પર વોચ ગોઠવી શનિવારે બે શખ્સોને રૂા. ૪૯ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

એલસીબીના પી. આઈ. એસ.ડી. પટેલના જણાવાયા મુજબ શનિવારે તેઓ તથા સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે ઈડર બજારમાં બે ઈસમો ચોરી કરેલા સોનાના દાગીના વેચવા માટે આવનાર છે. તેથી વોચ ગોઠવી પરતભાઈ હજુરજી ચૌહાણ (રહે. લીંભોઈ, તા.ઈડર) અને અરવિંદભાઈ પુજભાજી મારવાડી (રહે.બારેલા તળાવ)ની જડતી લેતાં તેમની પાસેથી એક મોબાઈલ તથા બે સોનાની વીંટી મળી આવી હતી.

ત્યારબાદ આ બંનેની વધુ પુછપરછ કરતા તેમણે ગત તા.૫ મેની રાત્રે બારેલા વિસ્તારમાં રહેતા જોગીન્દ્રસિંહ અતિવલસિંહ રાજપુતના મકાનમાંથી સોનાની ચેઈન તથા મોબાઈલ અને રોકડ મળી રૂા. ૬૬ હજારની મત્તા ચોરી હોવાનું કબુલ્યુ હતું. જેથી પોલીસે રૂા.૪૯ હજારનો મુદ્દામાલ કબજે લઈ ચોરીઓનો વધુ ભેદ ઉકેલવા માટે કોર્ટમાં રજુ કરવાની તજવીજ હાથ ધરી હતી.

## ‘લુ’થી બચવા શું કરવું ..!

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનું મોજુ ફરી વળ્યું છે. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ માટે હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી ચુકી છે. ત્યારે ગરમીથી બચવા શું કરવું જોઇએ અને શું નહીં તેને લઈને પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. અમદાવાદ શહેરમાં અત્યાર સુધી હિટસ્ટ્રોકની અસરથી ૯૪થી વધુ દર્દીઓ દાખલ થયેલા છે. અમદાવાદ શહેરના ૮૬થી પણ વધુ કેસ નોંધાયા છે.

લૂથી બચવા શું જરૂરી છે

- વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું
- લાંબો સમય તડકામાં ન રહેવું, હળવા રંગના સુતરાઉ કપડાં પહેરવાં,
- ઠંડક વાળા સ્થળો પર સમયાંતરે આરામ કરવો,
- નાના બાળકો વૃધ્ધો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવું
- ગરમીમાં બહાર નિકળવાનું ટાળવું જોઇએ. ખાસ કરીને બાળકો અને વરિષ્ઠ લોકોએ બહાર ન નિકળવું જોઇએ
- હંમેશા કોટનના વસ્ત્રો પહેરવા જોઇએ
- કોઇપણ ગરમી સંબંધિત લક્ષણો દેખાય તો તરત તબીબોનો સંપર્ક કરવો જોઇએ
- ગરમી લગતી તકલીફના કેસમાં ઠંડકવાળી જગ્યા પર રહેવું જોઇએ
- દિવસ દરમિયાન ગરમીમાં કામ કરતા મજુર અને વર્કરોએ ૨૦ મિનિટ સુધી દર બે કલાકે આરામ લેવો જોઇએ

હિટસ્ટ્રોકના લક્ષણો શું છે

- ગરમીની અળાઈઓ,
- ખુબ પરસેવો થવો અને અશક્તિ લાગવી,
- માથાનો દુઃખાવો, ચક્કર આવવા,
- ચામડી લાલ સુકી અને ગરમ થઈ જવી,
- સ્નાયુઓમાં દુઃખાવો અને અશક્તિ આવવી,
- ઉબકા અને ઉલ્ટી થવી,



પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ભાખરીયા બસ સ્ટેન્ડ અમીનપુર રોડ ઉપર આવેલ આંગણવાડીના કમ્પાઉન્ડ હોલમાં આયુર્વેદિક અને જીવન જરૂરિયાતવાળા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ નગરપાલિકાના આરોગ્ય વિભાગના ચેરમેન મહેબુબભાઈ, નગરપાલિકા સદસ્ય મુકેશભાઈ સથવાળા, નગરપાલિકા સેનેટરી ઈન્સ્પેક્ટર અમૃતભાઈ પટેલ, નૈમેષભાઈ રાવલ, કેતનભાઈ રાવલ, ગોવિંદભાઈ પંડ્યા તથા નગરપાલિકા સેનેટરી વિભાગનો સ્ટાફ સહિત ઉપસ્થિત રહીને વિશ્વ પર્યાવરણ દિવસની વૃક્ષારોપણ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

## વરસાદની શક્યતાઓ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રક્રિયા જે ચોમાસા દરમ્યાન થવી જોઈએ તે થશે અને પુનઃ વાદળો આકાશ અને પૃથ્વી વચ્ચેનું વાતાવરણ ઠંડુ કરતાં મહત્તમ ઉષ્ણતામાનમાં પણ ઘટાડો થશે. જો તા. ૧૮ પછી પવનનું જોર ઘણુ વધશે એટલે જો વડને વડવાઈઓ ફૂટશે અને ફૂટ્યા પછી વેંત કે સવા વેંતની થાય પછી નિરનિરંતર ચોમાસાની વકી રહે. પરંતુ મૃગશિર્ષ નક્ષત્રમાં એટલે કે તા. ૮ જુન પછી રાજ્યના કોઈ કોઈ ભાગોમાં હવામાન પલટાતા વરસાદની વકી રહે. જે વરસાદ નિયમિત ચોમાસાની પૃષ્ઠી કરે નહિ. આ સમય દરમ્યાન દક્ષિણ ભારત, લક્ષદ્વિપના ભાગો, કોંકણ તેમજ મુંબઈ સુધીના હવામાનમાં ભારે ફેરફાર કરી શકે અને અરબી સમુદ્રમાં પણ જુન તા. ૭ થી ૯માં હવાનુ દબાણ સર્જાવાની વકી રહેશે.

ભૌગોલિક બાબતો અંગે જોતા દક્ષિણ-પશ્ચિમના ચોમાસુ દરિયામાં ભારે પવન ફુંકાતા વાદળો લાવી શકે. ગ્રહો તેમજ અન્ય દ્દષ્ટિએ જોતાં પણ સ્થાનિક વરસાદ જે આંધી-વંટોળ સાથે આવતો હોય છે તે આવી શકે. વળી, તા. ૫ થી ૭માં પણ ધૂળ ડમરી આંધી સાથે રોહિણી નક્ષત્રનો વરસાદ કોઈ કોઈ ભાગમાં થઈ શકે. હજુ રોહિણી નક્ષત્રના વરસાદના ચરાચર લક્ષણો જણાતા નથી. જો રોહિણી ઉતરતી વરસે તો પછી ચોમાસાની આગેકૂચ જાણી શકાય. વળી, ભૂમિ લક્ષણોમાં વનસ્પતિના સ્થિર લક્ષણો તેમજ જીવજંતુ જેવા ચર લક્ષણો પણ નિયમિત ચોમાસાની પૃષ્ટી કરતા નથી. વરસાદ હવે જે આવે તે અણધાર્યા સમુદ્રના હવાના દબાણના ફેરફારથી આવી શકે.

## પુનઃ હીટવેવ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ ઉગ્ર બનતા મહત્તમ તાપમાન ૪૫ ડી ગ્રી સુધી પહોંચી ગયુ હતુ. દિવસ દરમિયાન આકાશમાંથી અગ્નજવાળ વરસી હતી. આકરી ગરમીના લીધે નગરજનોએ ભઠ્ઠીમાં શેકાવાનો વારો આવ્યો હતો. ગરમીએ હદ વટાવતા દિવસ દરમિયાન શહેરમાં સુનકાર જોવા મળ્યો હતો. બપોરના સમયે સેકટરોની શેરીઓ તેમજ મુખ્યમાર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો. અફઘાનિસ્તાન તેમજ પાકિસ્તાનમાંથી ઉઠેલા ગરમ પવન રાજસ્થાન થઈને ગુજરાત તરફ આવતા ગરમીનો મિજાજ ઉગ્ર બન્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના લીધે રાજયમાં કેટલાક શહેરોના મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પુર્વે ગરમીનુ પ્રમાણ અચાનક જ વધતા આજે દિવસ દરમિયાન શહેરના શોપિંગ બજારોમાં પણ સન્નાટો જોવા મળ્યો હતો. જયારે ગરમીનુ મોજુ ફરિ વળતા વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાના મામલે પણ વાલીઆલમમાં ચિંતા પ્રવર્તી છે. આજે લઘુત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રી રહયુ હતુ.હવામાન વિભાગે ફરિ ઓરેન્જ કાર્ડ બતાવી દિધુ છે. વાતાવરણમાં ભેજના પ્રમાણમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.